## જન્મદિને વધામણી


જલ્પા એસ કાપડીયા


વિવાન મૌલિક પટેલ
મો. ૯૭૨૩૯ ૪૮૪૦૦


પરમ ભાવેશકુમાર પારેખ
મો. ૯૭૨૭૦ ૦૩૧૦૦

## સૉફ્ટ ટેનિસ ચૅમ્પિયનશીપમાં ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર, તા. ૨૪

ચંદીગઢ ખાતે આયોજિત ૧૪મી સિનિયર નેશનલ સૉફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો છે.

ગાંધીનગરના ખેલાડી હર્ષદીપ જશુભા પરમારે ઉત્કૃષ્ટ દેખાવ સાથે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી ગાંધીનગર અને સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે ૧૩મી સિનિયર નેશનલ સૉફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપમાં પણ હર્ષદીપે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

### સદવિચાર પરિવાર સંચાલિત

# શ્રી ઍસ કે દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર ઉવારસદ ખાતે યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

સમગ્ર વિશ્વ જ્યારે યોગ દિવસની ઉજવણી કરી રહ્યું છે ત્યારે સદવિચાર પરિવાર સંચાલિત શ્રી ઍસ કે દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર, ઉવારસદના પરિસરમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ તેમજ સંસ્થાના કર્મચારી ગણ દ્વારા યોગદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમનો પ્રારંભ શાળાના પ્રાર્થનાવૃંદે સુંદર પ્રાર્થનાગીતથી કર્યો હતો. સંસ્થાના નિયામક એ પી ત્રિવેદીએ યોગ વિશે મનનીય માહિતી આપીને આજના સમયમાં માનવજીવનમાં યોગનું શું મહત્ત્વ છે અને તે કઈ રીતે ઉપકારક છે તેમ જણાવીને યોગક્રિયા દ્વારા સ્વાસ્થ્યને દુરસ્ત રાખવાની વાત કરી હતી.

શાળાના વ્યાયામ શિક્ષકે આ પ્રસંગે વિવિધ યોગાસનોનું સ્વયં નિદર્શન કરીને બાળકોને વિવિધ આસનોનો અભ્યાસ કરાવ્યો હતો. આચાર્યએ પણ વિવિધ આસનો કરીને પૂરતી માહિતી આપી હતી.

આ પ્રસંગે સમાજ સુરક્ષા વિબાગ, ગાંધીનગરની રાજલબેને પધારીને બાળકો પાસેથી યોગ વિશે માહિતી મેળવીને યોગની સમજ આપી હતી. અંતે, શાળાના સિનિયર શિક્ષક હસમુખભાઈ પટેલ રચિત યોગ ગીત અને રાષ્ટ્રગીતના સમૂહ ગાનથી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.



મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે સંચાલક ભરતભાઈ ઠુંમરે યોગના ઈતિહાસ, મહર્ષિ પતંજલિ તથા યોગાસનની સાચી સમજણ વિદ્યાર્થીઓને આપી હતી. વિદ્યાર્થીઓએ પ્રથમ ઓમકાર અને ત્યારબાદ વિવિધ આસનો દ્વારા યોગ દિવસની ઉજવણી કરી હતી.

# જલુંદ પ્રાથમિક શાળામાં શિક્ષક દંપતિનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો



## પૂર્વ આચાર્ય વાસુદેવભાઈ એન રાવલ અને ચિત્રકૂટ પારિતોષિક સન્માનિત ઈન્દિરાબેન રાવલે ૩૬ વર્ષ જલુંદ ગામમાં સેવા આપીને ગામને અનોખો પ્રેમ અને સેવા અર્પણ કરી

ગાંધીનગર, તા. ૨૪

જલુંદ પ્રાથમિક શાળામાં શાળાના શિક્ષક દંપતિ - પૂર્વ આચાર્ય વાસુદેવભાઈ એન રાવલ અને ચિત્રકૂટ પારિતોષિક સન્માનિત ઈન્દિરાબેન રાવલનો નિવૃત્તિ સન્માન સમારોહ ગુજરાત જયસ્વાલ સમાજ મહાસભાના પ્રમુખ સુરેશભાઈ જયસ્વાલના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો.

શિક્ષક દંપતિને શુભેચ્છાઓ આપવા માટે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, અધિક મુખ્ય સચિવ કિરીટભાઈ અધ્વર્યુ, જીસીઈઆરટીના નિયામક ડૉ. જોષી, ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના ડેપ્યુટી ડિરેક્ટર આર કે પટેલ, ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી રાઠોડભાઈ તથા પદાધિકારીઓ અને શિક્ષણ ખાતાના અધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ શિક્ષક દંપતિએ ૩૬ વર્ષ જલુંદ ગામમાં સેવા આપીને ગામને અનોખો પ્રેમ અને સેવા અર્પણ કરી હતી, જેના પરિપાકરૂપે ગ્રામજનો, મહિલા મંડળ, વિદ્યાર્થીઓ દ્વારા આ શિક્ષક દંપતિનું સન્માન કરવામાં આવ્યું હતું. દંપતિએ જલુંદ પ્રાથમિક શાળામાં બાળકોને ઠંડું પાણી પીવા મળે તે અર્થે વૉટર કૂલર ભેટમાં આપ્યું હતું. અશ્રુભીની આંખે વિદાય લેતા શિક્ષક દંપતિએ ગામનો ઋણ સ્વીકાર કરતાં શરૂઆતમાં જે કુટુંબોએ સહકાર અને હૂંફ પૂરી પાડી હતી તેઓનું પણ સાલ દ્વારા સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂર્વેશભાઈ વ્યાસ અને અલ્પેશભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ગ્રામ પંચાયતના સરપંચ રમેશજી ઠાકોર, પૂર્વ સરપંચ જીવરાજભાઈ દેસાઈ, જયંતિજી ઠાકોર, કમલેશભાઈ ઠાકોર, અમરતજી ઠાકોર, બકાજી રાણા, રમેશભાઈ પ્રજાપતિ તેમજ ઍસઍમસીના અધ્યક્ષ સુરેશભાઈ પ્રજાપતિ, તેમની ટીમ અને શાળા પરિવારે જહેમત ઊઠાવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
જુનૂનિયત
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
રમન રાઘવ
૭.૦૦

**સ્ક્રીન-૩**
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, અંગ્રજી)
૨.૪૫, ૭.૪૫
ઈન્ડીપેન્ડન્સ ડે (૩ડી, હિન્દી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
જુનૂનિયત
સવારે ૧૦.૦૦
દાવ થઈ ગયો યાર
(ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
૭ અવર્સ ટુ ગો
૬.૪૫

**સ્ક્રીન-૫**
ઉડતા પંજાબ
૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રમન રાઘવ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦

# વિવિધ અભ્યાસક્રમોમાં ખેલાડીઓ માટે બે ટકાનો સ્પોર્ટ્સ ક્વોટા રાતોરાત રદ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકારે રમતવીરોને પ્રોત્સાહન મળે તે માટે નવી નીતિ જાહેર કર્યા બાદ ચાલુ વર્ષથી જ મેડિકલ-ડેન્ટલ અને એન્જિનિયરિંગ સહિતના અભ્યાસક્રમોમાં બે ટકા બેઠકો સ્પોર્ટ્સ કવોટા તરીકે અનામત રાખવાની જાહેરાત કરી હતી. આ અંગેનો પરિપત્ર પણ દરેક યુનિવર્સિટી અને પ્રવેશ સમિતિઓને મોકલી અપાયો હતો. હવે અચાનક રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગે સ્પોર્ટ્સ કવોટા માટે અનામત બે ટકા બેઠકો રદ કરવાની જાહેરાત કરી છે. સરકારે સ્પોર્ટ્સ પોલિસીમાં મહત્વના દરેક અભ્યાસક્રમમાં પ્રવેશ દરમિયાન સ્પોર્ટ્સ કવોટાની બે ટકા બેઠકો અનામત રાખવાનો આદેશ કર્યો હતો. ડિગ્રી ઈજનેરી પ્રવેશ સમિતિ, ગુજરાત યુનિવર્સિટીના કોમર્સ-આર્ટસ સહિતના સાત કોર્સ અને ડિપ્લોમા ઈજનેરીમાં પણ બે ટકા બેઠકો સ્પોર્ટ્સ કવોટા તરીકે રાખી દેવામાં આવી હતી. ડિગ્રી ઈજનેરીમાં હાલ બે ટકા સ્પોર્ટ્સ કવોટા અનામત સાથે વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે મોકરાઉન્ડનું પરિણામ પણ જાહેર કરી દેવાયું છે. આ પરિસ્થિતમાં તાજેતરમાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત સચિવે એક પરિપત્ર જાહેર કર્યો છે કે, ખેલકૂદ નીતિ -૨૦૧૬ અંતર્ગત તા. ૯મી જૂનના પરિપત્રથી મેડિકલ, ઈજનેરી તથા વ્યવસાયિક અભ્યાસક્રમો સહિતના જુદા જુદા અભ્યાસક્રમોમાં સ્પોર્ટ્સ કવોટામાં ૨ ટકા પ્રવેશ અંગેની જોગવાઈ કરવામાં આવી હતી તે રદ કરાય છે. આ નિર્ણયથી ઈજનરી સહિતના મેરિટ લિસ્ટમાં મુશ્કેલી ઊભી થઈ શકે છે.

અલબત્ત, એક અગ્રણી અખબારના અહેવાલ પ્રમાણે રાજયકક્ષાના રમત-ગમત અને સાંસ્કૃતિક મંત્રી નાનુભાઈ વાનાણી કહે છે કે, બે ટકા સ્પોર્ટ્સ કવોટા રદ કરાયો નથી. તેમાં કેટલીક લીગલ ટેકનિકલ ક્વેરી હોવાથી મુશ્કેલી ન સર્જાય તે માટે જ આ પરિપત્ર રદ કરવામાં આવ્યો છે.

# ડિપ્લોમા ઈજનેરીમાં પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર

ગાંધીનગર, તા. ૨૪

ધો.૧૦ પછીના ડિપ્લોમા એન્જિનિયરિંગ માટે વિદ્યાર્થીઓએ કરેલા ઓનલાઈન રજિસ્ટ્રેશન બાદ પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે.

કુલ ૬૬ હજાર બેઠકો માટે ૪૯૪૦૯ વિદ્યાર્થીઓનું મેરિટલિસ્ટ જાહેર કરાયું છે. સૌથી પહેલા ક્રમે ગુજરાત બોર્ડના ઓપન કેટેગરીના વિદ્યાર્થી આયન વડોદરિયાએ સ્થાન મેળવ્યું છે જેના ૯૪.૮૩ ટકા છે. મેરિટલિસ્ટમાં છેલ્લા ૪૯૪૦૯માં સ્થાને હેમરાજ ગઢવી નામના વિદ્યાર્થીને ૩૫.૮૩ ટકા સાથે સ્થાન મળ્યું છે. પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર થતાં જ ૧૬ હજાર બેઠકો ખાલી પડી છે. વળી, જેમણે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું છે તે પૈકી અંદાજે ૫ હજારથી ૭ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ લેતા નથી. આ સ્થિતિમાં ખાલી બેઠકોનો આંકડો ૨૨ હજારને પાર કરી જાય તેવી શક્યતા છે.

# લૉ કૉલેજમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષાની ભલામણ

## બાર કાઉન્સિલ દ્વારા લોકસભા સમિતિને પ્રસ્તાવ મોકલવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૪

લૉ કૉલેજમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ યોજવા માટે બાર કાઉન્સિલે ભલામણ કરી છે. બાર કાઉન્સિલે લોકસભાની સમિતિને પ્રસ્તાવ મોકલી લો કોલેજમાં પણ તબીબી અને ઈજનેરીની જેમ એન્ટ્રન્સ પરીક્ષા યોજવા ભલામણ કરી છે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં લો કોલેજમાં શિક્ષણના કથળતા સ્તરને સુધારવા માટે આ પ્રકારે ભલામણ કરવામાં આવી છે. ઉપરાંત એલએલએમ અને પીએચડી જેવા શિક્ષણના કાર્યને બાર કાઉન્સિલ હેઠળ મુકાય તો શિક્ષણનું સ્તર ઓક્સફર્ડ કે હાર્વર્ડ યુનિવર્સિટીને સમકક્ષ પહોંચાડી દેવાની તેમણે ખાતરી આપી છે.

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ પાર્લામેન્ટની સમિતિ સમક્ષ આ અંગે ભલામણ રજૂ કરી છે. જેમાં તેમણે એવી રજૂઆત કરી છે કે, દેશની મોટાભાગની લો કોલેજમાં વિદ્યાથીઓ પ્રવેશ મેળવ્યા બાદ માત્ર પરીક્ષા સમયે જ દેખાય છે. તેઓ નિયમિત રીતે વર્ગખંડમાં હાજરી આપતા નથી. એટલું જ નહીં યુજીસીના નિયમોને કારણે ૯૦ ટકા સરકારી લો કોલેજમાં હાલ ૨૦ ટકા પણ કાયમી શૈક્ષણિક સ્ટાફ નથી. પુરતો શૈક્ષણિક સ્ટાફ નહીં હોવાથી શિક્ષણનું સ્તર પણ કથળેલું છે. જેથી આ અંગે યોગ્ય નિર્ણય કરવો જરૂરી છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ માગ કરવામાં આવી હતી કે, જો યુનિવર્સિટીને બદલે કાયદાના શિક્ષણ સંબંધિત એલએલએમ, પીએચડી અને રિસર્ચને લગતી તમામ કાર્યવાહી પણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને સોંપી દેવામાં આવે તો દેશમાં શિક્ષણનું સ્તર હાર્વર્ડ અને ઓક્સફર્ડ યુનિવર્સિટીની કક્ષાએ પહોંચાડી શકાય તેમ છે. હાલ જુદી-જુદી યુનિવર્સિટીઓ અંતર્ગત કાયદાના શિક્ષણનું સ્તર સાવ કથળેલી હાલતમાં છે. તેથી એન્ટ્રન્સ પરીક્ષા જરૂરી બનાવવી જોઈએ.

આ ઉપરાંત લો વિદ્યાશાખામાં સામાન્ય કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્નાતક કક્ષાએ ૪૫ ટકા તથા એસ.સી. અને એસ.ટી. કેટેગરીના ઉમેદવારોએ સ્નાતક કક્ષાએ ૪૦ ટકા ગુણ મેળવેલા હોવા જોઈએ તેવું ઠરાવવામાં આવ્યું હતું. તે નિયમમાં સુધારા બાબતે દેશના જુદા જુદા બાર દ્વારા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને રજૂઆત કરવામાં આવી હતી. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને એડવોકેટ એક્ટ ૧૯૬૧ની કલમ ૪૯ અનુસાર કાયદામાં અભ્યાસ કરવા પ્રવેશતા વિદ્યાર્થીઓ તેમજ વકીલોના એનરોલમેન્ટને લગતા નિયમો ઘડવા માટે પાર્લામેન્ટ દ્વારા વિશેષ સત્તા આપવામાં આવેલી છે. તેનો જ ઉપયોગ કરી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આ નિર્ણય કર્યો છે. જેથી નવા લેવાયેલા નિર્ણય હેઠળ હવે ઓબીસી (અન્ય સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ) માટે સ્નાતક કક્ષાએ ૪૨ ટકાએ પણ પ્રવેશ આપવાનું ઠરાવવામાં આવ્યું છે.

# મહિલા અધિકારી દ્વારા પ્રકાશિત 'સાર્થ કહેવતો' પુસ્તકનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નિવાસી અને ૨૦૧૨માં નિવૃત્ત થયેલાં અધિકારી સવિતાબેન ભાઈલાલભાઈ ગણાત્રા દ્વારા પ્રકાશિત પુસ્તક 'સાર્થ કહેવતો'નું વિમોચન જાણીતા સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટના અધ્યક્ષસ્થાને તાજેતરમાં યોજાયું હતું.

આ પુસ્તકમાં મહિલા લેખિકાએ ૧૦૬૦ સાર્થ કહેવતો દર્શાવી તેની નીચે તેનું આનુષંગિક વિશ્લેષણ પણ કર્યું છે. આ પુસ્તક ખાસ કરીને વડીલ વર્ગમાં કહેવતો વાંચી પોતાનો વારસો સાચવી રાખશે એવો સ્પષ્ટ નિર્દેશ કરે છે. સવિતાબેન વાણિજ્ય સ્નાતક છે છતાં તેમનું ગુજરાતી ભાષામાં પ્રભુત્વ છે એ આ પુસ્તક દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે આ પુસ્તકના લેખન, પ્રકાશનથી તેમના સમાજમાં તેઓ સૌપ્રથમ મહિલા લેખિકા તરીકે સન્માન પામ્યાં છે.

# 'બેટી પઢાવો'નો સંદેશ આપતી નવી શૉર્ટ ફિલ્મ : થેંક યુ પપ્પા'

## 'દીકરીના ભણતર પાછળ આટલો ખર્ચો'ની માનસિકતામાંથી બહાર આવી, દીકરીઓ આર્થિક મદદ અને સામાજિક સન્માન સાથે ભણતી થાય એવા માનવીય મેસેજ સાથે બનેલી શોર્ટ ફિલ્મ 'થેંક યુ પપ્પા' આપણા શહેરના કલાકારો સાથે બનેલી સંપૂર્ણપણે ગાંધીનગરની ફિલ્મ




'ગ્રામ વિસ્તારની દીકરીઓને સ્કૂલે જતી કરવામાં અને એમને આર્થિક-સામાજિક સહયોગમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારી આશાને આ વર્ષનો બેસ્ટ કલેક્ટરનો ઍવોર્ડ આપવામાં આવે છે...' અને કલેક્ટરનો યશગાથાને પોતાના અખબાર-ટીવીમાં ચમકાવવા માટે મીડિયા એમના ઘરે પહોંચી જાય છે... 'તમે કલેક્ટર કેવી રીતે બન્યા?' પત્રકારના પ્રશ્નમાં કલેક્ટર આશા એટલું જ બોલે છે, 'થેંક યુ પપ્પા'...

આશાની સ્ટ્રગલ સ્ટોરી જોવા 'થેંક યુ પપ્પા' શૉર્ટ ફિલ્મ જોવી પડે.

ગાંધીનગરનું પૂજા ફાસ્ટફૂડ સૅન્ટર, જેનાં ઢોકળાંથી શહેરને ઘેલું લગાડ્યું છે એના માલિક કુણાલ વ્યાસના મગજમાં એક વિચાર ક્લિક કરી ગયો, 'ચલો સ્કૂલ ચલેં હમ એમ દીકરીઓ બોલે...' પણ ભણતર માટેની સમાજની માનસિકતાથી એ વ્યથિત થયા અને નક્કી કર્યું સમાજમાં જાગૃતિ લાવવાનું. પોતે અચ્છા ફોટોગ્રાફર હતા ને એમાં મિત્રોનો સાથ મળ્યો, તો બની ગઈ ૧૭ મિનિટની શૉર્ટ ફિલ્મ 'થેંક યુ પપ્પા'...

ફિલ્મના પ્રૉડ્યુસર કુણાલ વ્યાસ અને એને ડિરેક્ટ કરી ગાંધીનગરના સિનિયર આર્ટીસ્ટ જયેશ પંચોલીએ. કડી મહિલા કૉલેજના પ્રાધ્યાપક ડૉ. પ્રણવ જોષીપુરા અંગ્રેજી વિષયના નિષ્ણાત, પણ અહીં એમણે



માનવીય સંવેદનાને ઢંઢોળતી વાર્તા અને સ્ક્રિન પ્લે પણ લખ્યો છે. ગૌરવ પુરસ્કાર વિજેતા ધ્વનિલ પારેખે ગીતો લખ્યાં છે, આ ફિલ્મની કમાલની સિનેમેટોગ્રાફી અમદાવાદના નામાંકિત સિનેમેટોગ્રાફર નિપમ ગજ્જરે કરી છે. તો સંગીતને સર્વસ્વ વરેલા સુરમધુરના મયંક દવેએ મધુરું સંગીત આપ્યું છે. ફિલ્મનું ઍડિટિંગ જયેશ પંચોલી અને ધર્મેન્દ્ર પટેલે કર્યું છે. ગણગણવું ગમે એવા ગીતને પૂર્વિ ઘોઘારીએ સ્વર આપ્યો છે...




ફિલ્મમાં પ્રાંજલ ભટ્ટ, જનક ઠક્કર, પ્રકાશ લાલા, જયેશ પંચોલી, હિરેન ભટ્ટ, હિનમ પ્રજાપતિ, શર્વી વ્યાસ ઉપરાંત તન્વી રાવલ, ભવ્યા શાહ, કિન્નરી દવે, હેમા ભટ્ટ, કુણાલ વ્યાસ, ખુશી જોશી, ધ્યાન પારેખ, પુર્વિ વ્યાસ, મુંજાલ રાવલ, બ્રિન્દા પટેલ, રાજુ જોશી, રાજન શાહ, મેહુલ પટેલ, હેતલ યાદવ, રાજુલ ભટ્ટ, હિરેન પંડ્યા, વિપુલ પરમાર, ભગવાન અને આશુતોષ તિવારીએ પોતાનો અભિનય આપ્યો છે. આ બધા જ કલાકારો ગાંધીનગરના ને સૌને સલામ કરવાનું મન થાય એવી વાત એ કે સમાજને સંદેશો આપતી આ ફિલ્મ માટે કોઈપણ કલાકારે એકપણ પૈસો લીધો નથી.

ને એવી જ રીતે સલામ કરવી પડે જ્યોતિન્દ્ર વ્યાસ, કૃષ્ણકાન્ત જ્હા, સલિલ મહેતા, મયુરી વ્યાસ, જગતસિંહ વાઘેલા (ચેરમેન, સરગાસણ દૂધ મંડળી) અને પરિવાર, સરગાસણ ગ્રામ પંચાયતના સરપંચ પી ડી વાઘેલા, સ્કૂલના આચાર્ય અને સ્ટાફ પરિવાર, શાંતિલાલ ઘોઘારીને, જેમણે આ ફિલ્મ નિર્માણ માટે ને આર્થિક વગેરે અન્ય સહાય માટે પરદા પાછળ રહીને સહાય કરી છે.

ફિલ્મના ટૅકનીકલ સ્ટાફમાં લલિત પુજારાએ સમગ્ર ફિલ્મના પ્રોડક્શનની જવાબદારી બાખુબી નિભાવી હતી, જ્યારે હિમાંશુ ભચેચ, હસમુખ મૅકવાન, સંદીપ બારોટ, મનુમામા, દિન્શા અને ઋષિકેશ મહેતા (શાંતમ રૅકોર્ડ-ઈન), જેમના વગર આ ફિલ્મમાં અસરકારકતા ઉપજાવવી શક્ય નહોતી.

ફિલ્મની વિશેષતા એ કે એમાં કોઈ લાઉડ ડાયલોગ્સ નથી, કોઈ સીધો ઉપદેશ નથી, છે તો માત્ર વાર્તા અને પ્રસ્તુતિથી જ સમાજને સંદેશ આપવાની પ્રવાહી રીત...

દીકરીના ભણતર માટેના વિચારો અને તકલીફને પડકારતી અને એ દિશામાં કેવી રીતે મદદ થઈ શકે એ માટે આત્મચેતના જગાડતી આ ફિલ્મથી અનેક દીકરીઓ ભણતી થશે એવી આશા છે. આ ફિલ્મનું મેઈન કેરેક્ટર 'આશા' માત્ર સ્કૂલે જ ન ગઈ પણ ભણી-ગણીને કલેક્ટર બની... અને પછી શું કર્યું કે બેસ્ટ કલેક્ટરનો એવૉર્ડ મળ્યો...? ફિલ્મ જરૂરથી જુઓ...

### એક ઔર વાહ

'થેંક યુ પપ્પા' શૉર્ટ ફિલ્મના પ્રૉડ્યુસર કુણાલ વ્યાસ પોતાના ડૉટ પેઈન્ટીંગથી પણ ફેમસ છે. આ ફિલ્મથી રોમાંચિત થઈને તેઓ બીજી એક ફિલ્મનું આયોજન કરી રહ્યા છે, જેનું શિર્ષક છે : 'સોરી મમ્મી'!